આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

સાચો સંબંધ વરસાદ જેવો નથી હોતો કે જે આવે અને જતો રહે... સાચો સંબંધ તો પવન જેવો હોય છે જે દેખાતો નથી પણ હંમેશા તમારી આસપાસ જ રહે છે
- મુનિ ચંદ્રવિજયજી

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૬૨ | ૨૪ ઓગસ્ટ, ૨૦૧૪, રવિવાર; શ્રાવણ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટ્સ

**● ૧૦૦ દિવસનું રીપોર્ટ કાર્ડ રજુ કરશે મોદી સરકાર**

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર તેના શાસનના ૧૦૦ દિવસની ઉજવણી કરશે. નવી સરકારના ૧૦૦ દિવસની કામગીરીનું રીપોર્ટ કાર્ડ લોકો સમક્ષ રજુ કરાશે. આ ઉજવણીનો પ્રારંભ ૨૮મી ઓગસ્ટથી થશે. આ દિને મોદી દેશભરમાં જનધન યોજના લોન્ચ કરશે. આ યોજના હેઠળ દેશમાં બેન્ક ખાતા વિહોણા તમામ પરિવારના ઓછામાં ઓછા બે ઈ-બેન્ક ખાતા ખેલાશે.

**● આલીયા ભટ્ટ ટેલીવિઝન પર એન્ટ્રી કરશે**

જાણીતી મ્યુઝીક અને લાઈફસ્ટાઈલ ચેનલ એમટીવી તેના જાણીતા શૉ ફીલીપ્સ એમટીવી 'ધ-લૂક'ને પુનઃ શરૂ કરી રહી છે. ખુશ અને પ્રભાવી દેખાવ માટે શુ શુ કરવું જોઈએ તેની ટીપ્સ ફેશન ટીપ્સ સાથે આપતા આ શૉ ના હોસ્ટ તરીકે આલીયાભટ્ટનું નામ ચાલી રહ્યું છે. આલીયા ભટ્ટ જો આ શૉ સ્વીકારશે તો તે પ્રથમ વખત ટીવી પર એન્ટ્રી લેશે.

**● અમીત શાહ પર વડોદરા બેઠક લડવા દબાણ**

ભાજપના રાષ્ટ્રી પ્રમુખ શ્રી અમીત શાહને વડોદરા લોકસભા ચૂંટણી લડાવાય તેવી ધારણા છે. પક્ષના સૂત્રોના જણાવ્યા મુજબ શ્રી શાહની હવે નેશનલ ડ્યુટી છે. તેથી તેઓને દિલ્હીમાં સાંસદ તરીકેની સુવિધા મળી રહે તે માટે વડોદરાથી લડાવી આસાન જીતનો માર્ગ ખુલ્લો કરાશે. શ્રી શાહ હાલ અમદાવાદમાં નારણપુરા ક્ષેત્રના ધારાસભ્ય છે. તેઓ પર વડોદરા લોકસભા બેઠક લડી સંસદમાં બેસવાનું દબાણ છે. સૂત્રોના જણાવ્યા મુજબ વડોદરામાં શ્રી શાહ આસાન વિજય મેળવી શકે છે અને તેથી તેઓ માટે કોઈ મોટી મુશ્કેલી હશે નહી.

**● દિલ્હીમાં ઈન્ડીયા ગેટ પાસે વોર મ્યુઝીયમ બનાવાશે**

દેશમાં નેશનલ વોર મ્યીઝીયમની લાંબા સમયની દરખાસ્ત આખરે આગળ વધી છે અને દિલ્હીમાં ઈન્ડીયા ગેટ પાસે જ આ મ્યુઝીયમ બનાવવા નિર્ણય લેવાયો છે. પ્રિન્સેસ પાર્ક પાસે આ નવું વોર મ્યુઝીયમ બનશે. કેન્દ્રીય કેબીનેટે આ માટે મંજુરી મળી છે અને મ્યુઝીયમના બાંધકામ માટે રૂ. ૪૦૦ કરોડનું ભંડોળ પણ ફાળવ્યું છે. ૧૯૪૭ બાદ ભઆરતે જે જે યુદ્ધ લડ્યા છે તે ૧૯૯૯ ના કારગીલ યુદ્ધ સુધીના શહીદોને આ સ્મારકમાં સમાવશે તથા ભારતે જે ભવ્ય વિજય મેળવ્યા છે તેની યાદગીરી પણ રખાશે.

# સેક્ટર-૭ સરકારી શાળામાં આજે આનંદીબહેનની ઓચિંતી મુલાકાત

## શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો : શાળાઓમાં સરેરાશ ૨૫ ટકા વિદ્યાર્થીઓ ગેરહાજર : મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૨૩

મુખ્યમંત્રીએ આજે સે. ૭ સરકારી શાળાની ઓચિંતી મુલાકાત લેતા શિક્ષણતંત્રમાં સળવળાટ પ્રવર્ત્યો હતો. ઓચિંતી મુલાકાત દરમિયાન મુખ્યમંત્રી આનંદીબેન પટેલે વિદ્યાર્થીઓની હાજરી, શિક્ષણની ગુણવત્તા અને સફાઈ સહીતના પરિબળોની ચકાસણી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે રાજ્યની શાળાઓમાં સરેરાશ ૨૫ ટકા વિદ્યાર્થીઓની ગેરહાજરી વર્તાય છે. સે. ૭ની શાળા ઉપરાંત જિલ્લામાં શિક્ષકોની ઘટનો પ્રશ્ન નિવારવા જરૂરી પગલા લેવા પણ તેમણે ડી.ઈ.ઓ.ને સૂચના આપી હતી.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આજે સે. ૭ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ સ્કૂલની ઓચિંતી મુલાકાત લીધી હતી. તેમણે વિદ્યાર્થીઓ સાથે અંદાજિત ૧ કલાક જેટલો સમય ગાળ્યો હતો. તેમણે શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી શાળામાં વિદ્યાર્થીઓની હાજરી, શિક્ષણની ગુણવત્તા કોમ્પ્યુટર તેમજ શાળા સંકુલની સફાઈ સહીતની બાબતો અંગે ચકાસણી કરી હતી. શાળાના કોમ્પ્યુટરોની નિયમિત સફાઈ કરવાના મામલે તેમણે ટકોર કરી હતી. આ ઉપરાંત શાળામાં ઉપલબ્ધ કરવામાં આવેલી કોમ્પ્યુટરની સુવિધાનો પુરતો ઉપયોગ કરવા પણ તેમણે જણાવ્યું હતું. તેમણે શાળાના વર્ગો અને સંકુલમાં સ્વચ્છતા જાળવવા નિયમિત સફાઈ ઉપર પણ

● અનુસંધાન પાન-૭ પર

### મુખ્યમંત્રીની મુલાકાતની સાથે

- મુખ્યમંત્રી આનંદીબેન પટેલની ઓચિંતી મુલાકાતના પગલે શિક્ષણતંત્રમાં દોડધામ
- શિક્ષકો અને વિદ્યાર્થીઓ સાથે મુખ્યમંત્રીએ સીધો સંવાદ કર્યો
- કોમ્પ્યુટરની સુવિધાનો પૂરતો ઉપયોગ કરવા સૂચના આપી
- કોમ્પ્યુટર તેમજ શાળા સંકુલની યોગ્ય સફાઈ તરફ ધ્યાન આપવા પણ જણાવ્યું.
- ગુણવત્તાયુક્ત શિક્ષણ માટે શિક્ષકોની ઘટ અંગે ચકાસણી કરી.
- શિક્ષકોની ઘટ નિવારવા પણ વિભાગને સૂચના આપી.
- ગાંધીનગર જિલ્લામાં શિક્ષકોની ઘટ નિવારવા ડી.ઈ.ઓ.ને સૂચના : પરિણામ સુધારવા પર ભાર મુકવા જણાવ્યું.
- સે. ૭ની પ્રાથમિક શાળામાં જ એક જ શિક્ષક દ્વારા એક સાથે બે વર્ગના સંચાલનની વાત સાંભળી મુખ્યમંત્રી ચોંકી ઉઠ્યા.
- સ્ટાફ મિટીંગમાં જ્ઞાન સપ્તાહની ઉજવણી અંગે વિસ્તૃત ચર્ચા કરી.
- માધ્યમિક શાળાના બાળકો સાથે પણ શિક્ષણની સુવિધાને લઈ વાતો કરી હતી.








# હળવા વરસાદથી ખેડૂતોમાં નવી આશા જન્મી

ગાંધીનગર, તા. ૨૩

ગાંધીનગર જિલ્લામાં આજે થયેલા હળવા વરસાદ બાદ ખેડૂતોમાં એક નવી ચેતનાનો સંચાર થયો છે. જો કે ખેડૂતો એકાદ-બે ભારે વરસાદની આશા રાખી રહ્યા છે.

છેલ્લા એક સપ્તાહથી અસહ્ય ઉકળાટ બાદ આજે બપોરના સુમારે જિલ્લામાં થયેલા હળવા વરસાદને કારણે ખેડૂતોમાં સારો વરસાદ હજુ થશે તેવી આશા જન્મી છે. જો કે આજે ૧ મિલીમીટરથી પણ ઓછો વરસાદ નોંધાયો છે.

આજે આ વરસાદ મઘા નક્ષત્રમાં થયો હોવાથી ખેડૂતો આને અતિમહત્વનો વરસાદ લેખાવી રહ્યા છે. જો કે ખેડૂતો હજુ જિલ્લામાં એકાદ બે સારા અને ભારે વરસાદની આશા રાખી રહ્યા છે. જેથી પાકને જીવતદાન મળી જાય અને રાહત પણ થાય.

જો કે આજના હળવા વરસાદ

● અનુસંધાન પાન-૭ પર



પર્વતાધિરાજ પર્યુષણ - પર્યુષણ પર્વના આરંભની સાથે જૈન શ્રાવકોમાં ભારે ઉલ્લાસ છવાયો છે... ભગવાન મહાવીરની મૂર્તિની આકર્ષક આંગી અને દેરાસર પરની રોશની ઉલ્લાસનું પ્રતિબિંબ બન્યા છે. (તસવીર : દિપક જાની)

# દિલ્હીમાં પ્રધાનમંત્રી મોદી અને અમિત શાહ સાથે આનંદીબેનની મુલાકાત

ગાંધીનગર, તા. ૨૩

રાજયના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ તથા પ્રદેશ પ્રમુખ શ્રી આર.સી. ફળદુ અને મહામંત્રી શ્રી ભીખુભાઈ દલસાણિયા આજે સાંજે દિલ્હી પહોંચ્યા હતા.

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ તથા પ્રદેશ પ્રમુખ શ્રી આર.સી. ફળદુ અને ગુજરાતના પ્રભારી ઓમ માથુરે દિલ્હીમાં રાજયની પેટા ચૂંટણી અંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાથે ચર્ચાઓ કરી હતી.

શ્રી મોદીએ ત્રણેય નેતાઓ સાથે રાજકીય સ્થિતિની ચર્ચા કરી ઉમેદવારોની પસંદગીને લઈ કેટલુંક માર્ગદર્શન અને સૂચનાઓ આપી હોવાનું મનાઈ રહ્યું છે.

વડાપ્રધાન શ્રી મોદી સાથેની મુલાકાત બાદ આ નેતાઓ પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમીત શાહને મળવા ગયા હતા. આ નેતાઓ સવારે પરત આવશે તેમ મનાઈ રહ્યું છે.

ગુજરાતના ઉમેદવારોની પસંદગી અંગે એકાદ-બે દિવસમાં આખરી નિર્ણય લેવાશે. આ પેટા ચૂંટણી લડવાની પ્રદેશ પ્રમુખ શ્રી ફળદુએ ના પાડી હોવાનું જાણવા મળેલ છે.


**નર્સીંગ પ્રવેશ જાહેરાત-૨૦૧૪-૧૫**

Shree Venkateshwara School of Nursing
KMJ College of Nursing
(INC, KNC, રાજીવ ગાંધી યુનિ. ઓફ હેલ્થ સાયન્સ માન્ય સંસ્થા)

100% જોબ

GNM, BSc Nursing, Post BSc Nursing

ફક્ત પ્રવેશ ફી ભરો અને એડમીશન મેળવો
હોસ્ટેલ તથા જમવાની સુવિધા સાથે
(SC, ST વિદ્યાર્થીઓ માટે)
Autho. Representative Gujarat
સંકલ્પ એજ્યુકેશન ઈન્સ્ટીટ્યુટ
રજીસ્ટ્રેશન માટે નીચેના નંબર પર સંપર્ક કરો
ગાંધીનગર : ૮૭૩૫૮૪૦૪૪૫
ચાંદખેડા : ૯૪૨૬૧૮૯૬૦૮ દહેગામ : ૯૪૨૯૮૨૫૯૯૬

**દુકાન વેચવાની છે**

515 sq feetની દુકાન, ઈન્ફોસીટી ચાર રસ્તા પાસે, કૃષ્ણકુંજમાં આવેલ છે.
મો. : ૯૮૯૮૦ ૭૯૯૦૨
મો. : ૭૫૭૫૦ ૨૯૯૦૨

**જોઈએ છે**

ગાંધીનગર જિલ્લા માટે
LCD TV ફીટીંગ માટે માણસો
સંપર્ક કરો.
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, શોપીંગ સેન્ટર, ગાંધીનગર.
મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬

**ગાંધીનગર માટે**

આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧

હવે મેળવો
11.36% દ.વ.*
૬૦ મહિના મુદતની
ડીસીબી ફિક્સ્ડ ડિપૉઝિટ પર
આપની જમા રાશિને ૮ વર્ષ ૧ માસમાં બમણી કરો!!#

ડીસીબી ફિક્સ્ડ ડિપોઝીટ
ખોલાવો અને મેળવો એક સ્ટાઈલિશ લેપટોપ બેગ, તદ્દન મફત!^



ડીસીબી બૅન્ક
સેક્ટર 16, ઘ રોડ, ગાંધીનગર
કૉલ કરે: 9825647075 / 9879204002 / 65730141
DCB Bank Limited (Formerly Development Credit Bank Limited)
DCB BANK